ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૪૦.૫ ડીગ્રી
લઘુતમ : ૨૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૩૬ ટકા

ગાંધીનગર તાપમાન

# ગેસ ભરાવવા આવેલી એસ્ટીમ કાર પંપ પર જ સળગી



## ગાંધીનગર - ચિલોડા માર્ગ પર સરોજબા પટ્રોલ પંપમાં બનેલી ઘટના : કોઈ જાનહાની નહીં : મોટી દુર્ઘટના ટળી

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર-ચિલોડા માર્ગ પર આર્મી હેડ કવાર્ટર પાસે સરોજબા પેટ્રોલ પંપ આવેલો છે. પેટ્રોલ-ડીઝલ ઉપરાંત સીએનજી ગેસનું પણ વેચાણ આ પંપ ઉપર થાય છે. જીજે ૧ એચ.જે. ૯૮૬૧ નંબરની એસ્ટીમ ગાડી લઈને આજે બપોરના અરસામાં એક યુવાન આ પંપે સીએનજી ગેસ પુરાવવા આવ્યો ત્યારે ગેસ પંપ પાસે જ ગાડી ભડભડ સળગવા લાગતા નાસભાગ મચી જવા પામી હતી. ગાડીમાંથી તાત્કાલિક રોહિતભાઈ એસ. ઝાલા નીકળી જતા તેઓ બચી ગયા હતા. સમયસુચકતા દાખવીને ગેસ પંપના તથા પેટ્રોલ ડીઝલ પંપના ઈમર્જન્સી વાલ્વ સ્ટાફે બંધ કરી દીધા હતા. ગાંધીનગર ફાયરબ્રિગેડને કોલ મળતા ઓફીસર મહેશ મોડની ટીમના ચિનુભાઈ પટેલ કાફલા સાથે ગણતરીની મિનિટોમાં સ્થળ પર પહોંચી ગયા હતા અને પાણીનો મારો ચલાવી આગને ફેલાતા અટકાવી દઈ ગાડીની આગ કાબુમાં લઈ લીધી હતી. સદનસીબે આગ ફેલાઈને જવલનશીલ પદાર્થો ઈંધણ સુધી પહોંચી ન શકતા મોટી દુર્ઘટના ટળી હતી.

## @ગાંધીનગર

● પૂજન ડાન્સ એકેડેમી દ્વારા મેગા ડાન્સ શો રાત્રે ૮.૦૦ કલાકે સે-૧૭, ટાઉનહોલ ખાતે યોજાશે.

# શહેરમાં ભગવાન જગન્નાથનું ઠેર ઠેર સ્વાગત કરવા શહેર વસાહત મહામંડળની અપીલ

ગાંધીનગર,તા.૧૮

ગાંધીનગર શહેરમાં છેલ્લા ત્રણ દાયકાથી વધુના સમયથી ભગવાન જગન્નાથની રથયાત્રા નીકળે છે. શહેરમાં ભગવાન જગન્નાથ ૩૩માં વર્ષે નગરચર્યા કરવા પ્રયાણ કરે તે દિવસે તા.૨૫ જુનને રવિવારના રોજ પરંપરાગત રુટ પર આવતા સેકટરોના વસાહત મંડળો, મહિલા મંડળો, તેમજ વેપારી મંડળોને પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પૂજન અને પ્રસાદની વ્યવસ્થા કરવા ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા અનુરોધ કરાયો છે.

આ અંગે ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરુણભાઈ બુચ જણાવે છે કે તા. ૨૫ જુનના રોજ સવારે ૭ કલાકે પંચદેવ મંદિરથી પ્રસ્થાન થનાર ભવ્ય રથયાત્રાનું સ્વાગત સે-૨૨ શોંપિગમાં વેપારી આગેવાન કાલીદાસભાઈ પટેલ તેમજ અન્ય વેપારીઓ દ્વારા કરવામાં આવશે. તેવી જ રીતે સેકટર-૧૭ ખાતે વેપારી મંડળ અને વસાહત મંડળ સ્વાગતમાં જોડાશે. સે-૧૬ ખાતે શોંપીગ ખાતે વેપારી મંડળ અને વસાહત મંડળ સ્વાગત કરશે. તેવી જ રીતે રથયાત્રા આગળ વધતા બ્રહ્મ ભવન ખાતે સમાજના ભાઈ બહેનો દ્વારા સ્વાગત કરાશે. તેવી જ રીતે સેકટર-૬ ભુવનેશ્વર મહાદેવ ખાતે મહામંડળ દ્વારા તથા મહાદેવ પરિવાર દ્વારા સ્વાગત શરે અને બાદમાં સે-૬ બગીચા પાસે વસાહત મંડળ સ્વાગતમાં જોડાશે. ત્યારબાદ સે-૧૯,શોંપીગ સેન્ટર પાસે, સેકટર-૨૦ અક્ષરધામ પાસે, સે-૩૦ વસાહત મંડળ, તથા સે-૨૯ વસાહત મંડળ અને જલારામ મંદિર પરિવાર દ્વારા સ્વાગત, સે-૨૮માં વસાહત મંડળ, વેપારી મંડળ, મુસ્લિમ બિરાદરોને સાથે રાખીને સ્વાગતમાં જોડાશે. જયારે સે-૨૭, ૨૪-૨૫ પાસેથી પસાર થઈને રથયાત્રા સે-૨૩માં પ્રવેશ કરશે. જયા શહેરના જયોતિ મહિલા મંડળના સભ્યો લત્તાબેન ચોકસી અને ચેતનાબેન બુચ સહિત સૌ બહેનો જોડાઈને ભગવાન જગન્નાથની પૂજા-અર્ચના કરશે. સે-૧૫ ખાતે ફતેપુરા વસાહત મંડળ વતી ચંદુજી ઠાકોર રથયાત્રાનું સ્વાગત કરશે. આ પ્રકારે સમગ્ર રુટમાં આવતા તમામ વસાહત મંડળો, વેપારી મંડળો, અને મહિલા મંડળો સ્વાગતમાં જોડાય અને ભગવાન જગન્નાથના આશિર્વાદ મેળવી સ્વાગત કરશે. અને રથ સંચાલન કરતા અધ્યક્ષ ફુલશંકર શાસ્ત્રીજીનું પણ સ્વાગત કરવામાં સામેલ થાય તેવો અનુરોધ ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા કરવામાં આવે છે.

# શિક્ષણ વિભાગમાંથી મોબાઈલ ચોરનાર પટાવાળો પકડાયો

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીતની ટીમ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન એએસઆઈ હજારીસિંહને બાતમી મળી હતી કે એક મોબાઈલ ચોર સેકટર-૬/૭ બસ સ્ટેન્ડ નજીક આવ્યો છે અને ચોરીનો મોબાઈલ વેચવાના ફિરાકમાં છે. બાતમી આધારે સેકટર-૫-એ પ્લોટ નં. ૩૨૦/૨ ખાતે રહેતા અંકિત રમણલાલ પરમારને પકડી પાડયો હતો તેની પાસેથી લેનોવો કંપનીનો રૂ. ૧૨ હજારની કિંમતનો મોબાઈલ હતો તેના વિશે સઘન પુછતાછ કરતાં તેણે કબુલાત કરી હતી કે આ મોબાઈલ એકાદ વર્ષ પહેલા જુના સચિવાલય શિક્ષણ વિભાગની કચેરીમાંથી ત્યાં નોકરી કરતા ભરતભાઈ મનહરલાલ જોષીની નજર ચુકવી તેમનો જ મોબાઈલ ચોરી લીધો હતો. પકડાયેલો આ શખ્સ શિક્ષણ વિભાગમાં જ ખાનગી પટાવાળા તરીકે નોકરી કરે છે. એલસીબીની ટીમે તેની ધરપકડ કરી લઈ ચોરીનો મોબાઈલ રીકવર કરી સે-૭ પોલિસને આરોપી તથા મુદ્દામાલ સોંપવા તજવીજ કરી છે.




## વાતવાતમાં

● ગાંધીનગરના સેકટર-૫માં વારંવાર વિજળી ગુલ થવાની સમસ્યાને પગલે વસાહતીઓ ગરમીની મૌસમમાં ભારે પરેશાનીનો ભોગ બની રહ્યા છે. આ સમસ્યાને કારણે સ્થાનિક કોર્પોરેટર ઉર્મિલાબેન વર્માએ ટોરેન્ટ પાવરના મેનેજરને પત્ર લખી આ બાબતે સત્વરે પગલા ભરવા વિનંતી કરી છે.

● ભારત-પાકિસ્તાન ક્રિકેટ મેચના પગલે શહેરમાં બપોર પછી કરફયુ જેવો માહોલ સર્જાયો હતો. એક તરફ રવિવારની રજા અને બીજી તરફ હાઈ વોલ્ટેજ ફાઈનલના કારણે શહેરના રસ્તાઓ સૂમસામ બની જવા પામ્યા હતાં.




ગુજરાત કર્મચારી ઉત્કર્ષ મંડળ અને ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષક ઉત્કર્ષ મંડળ દ્વારા અધિકારીઓની ક્ષમતા નિર્માણ કાર્યશિબિર સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ખાતે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. આ કાર્યશિબિરમાં યુવા અધિકારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ સામાજિક સમરસતા અભિયાનને વધુ સઘન શિક્ષણ થકી બનાવી શકાય તે બાબત પર ભાર મુકયો હતો. કાર્ય શિબિરમાં ભાગ લેનારા સૌને તેમના પુસ્તકને સ્મૃતિ તરીકે ભેટ અપાયું હતું.

# સોનારડાની ૧૯ વર્ષીય યુવતીનો ગળે ફાંસો ખાઈ આપઘાત

## પ્રેમીએ વાતચીત કરવાનું ઓછું કરી દેતા સાંજે ઘરના બીજે માળે સાડી હીંચકાના હુક સાથે બાંધીને ગળે ફાંસો ખાઈ લીધો

ગાંધીનગર, તા.૧૮

ડભોડા નજીક આવેલા સોનારડા ગામમાં રહેતી ૧૯ વર્ષીય યુવતીએ ગઈ સાંજે પોતાના ઘરમાં બીજે માળે હિંચકાના કડા સાથે સાડી બાંધીને ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. તેણીના પ્રેમીએ વાતચીત કરવાનું કોઈ કારણોસર ઓછું કરી દીધું હતું. રડતા રડતા ગઈ સાંજે છેલ્લો વીડીયો મેસેજ યુવતીએ મોકલ્યો તેનો પણ જવાબ ન આપતા આખરે આ પગલું ભરી લીધું હોવાનું જાણવા મળ્યું છે. ડભોડા પોલિસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ગુનાની ઊંડી તપાસ શરુ કરી છે.

સોનારડા ગામમાં મોટી ખડકી ખાતે રહેતી ૧૯ વર્ષિય યુવતી પુજા કનુભાઈ પટેલ એકાદ વર્ષથી મુબારકપુર ગામના એક યુવાનના પ્રેમમાં હતી. મોબાઈલ પર વાતચીત ચાલતી રહેતી હતી. પુજાએ ધો-૧૦ સુધી અભ્યાસ કરેલો હોવાથી અંગ્રેજીમાં મેસેજ કરવાનું ઓછું ફાવતું હતું. તેથી તેણીના પ્રેમી સાથે ઓડીયો કલીપ અને વિડીયો કલીપ રેકર્ડ કરીને પ્રેમીને સોશ્યલ મિડીયા મેસેન્જરથી મોકલતી હતી. તાજેતરમાં કોઈ એવી વાત તે બંને વચ્ચે થઈ ગઈ જેનાથી પુજા ખુબ જ અપસેટ થઈ ગઈ હતી. ગઈ કાલે તો પ્રમીના જવાબ આપવાના પણ ખુબ ઓછા થઈ ગયા હતા. સાંજે ૬.૪૦ વાગ્યાના અરસામાં પુજાએ તેની મમ્મીને કહ્યું કે હું ઉપરના રૂમમાં જઈને મંદિરમાં દીવાબત્તી કરતી આવું છું. દીવાબત્તી કરવા ગયેલી પુજા ૨૦ મીનીટ પછી પણ પરત ન આવતા માતા ૭ વાગે ઉપર જોવા ગઈ હતી તો પુજાએ હિંચકાના કડે સાડી બાંધે ગળે ફાંસો ખાઈ લીધો હતો. તેણીના મોબઈલમાંથી પ્રેમીને પુજાએ રડતા રડતા એક વિડીયો મેસેજ પણ મોકલ્યો હતો તેનો પણ પ્રેમીએ જવાબ આપ્યો ન હતો. ડભોડા પોલીસને ઘટનાની જાણ થતા મૃતદેહ પી.એમ. કરાવી પીએસઆઈ ડી.બી. વાળાએ અકસ્માત મોતનો ગુનો દાખલ કરી ગુનાની ઉંડી તપાસ શરુ કરી છે.

# બે વર્ષથી વોન્ટેડ રીઢો ચોર એસઓજીના સકંજામાં

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર એસઓજી પી.આઈ. ડી.ડી. સોઢાની સુચનાથી તેમની ટીમના પીએસઆઈ ડી.ડી. પરમાર અને એલ.એસ. ચૌધરી સ્ટાફ સાથે પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન બાતમી મળી હતી કે અડાલજ પોલિસ સ્ટેશનના ચોરીના ગુનામાં છેલ્લા બે વર્ષથી વોન્ટેડ રીઢો ચોર બંટી રાજેશ ઈન્દેકર (છારા) (રહે. કુબેરનગર, અમદાવાદ) ભાટ પાસે મધર ડેરીના અમુલ કાફે પાસે ઉભો છે. બાતમી આધારે સ્થળ પર પહોંચી એસઓજીની ટીમે વોન્ટેડ આ આરોપીને દબોચી લઈ અડાલજ પોલિસને હવાલે કર્યો છે. આ રીઢો ચોર ગાંધીનગર, અમદાવાદ અને દિલ્હી ખાતે ૨૦ જેટલા ચોરીના ગુનામાં સંડોવાયેલો હોવાનું પોલિસ તપાસમાં ધ્યાને આવ્યું છે.



## આઈ લવ માય ગાંધીનગર



**નીલા રાજેશ ત્રિવેદી**

**ગાંધીનગર ગમે**

રહેવા માટેની સુગમતા અને આત્મિક આનંદ આપતું શહેર હોવાને કારણે ગાંધીનગર મને ખૂબ ગમે છે.

**નગરજનો**

જેમની સાથે સદાય રહેવાનું મન થાય એવા સ્નેહાળ નગરજનો અહીં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

શહેરમાં થતી અનેકવિધ સેવા, કલા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓથી વાકેફ છું ને સઘળી પ્રવૃત્તિઓને, એના કર્તાઓને મારી સલામ છે.

**નગરને બહેતર બનાવવા**

ગૃહિણીઓની નિપુણતાનો સહયોગ નગર માટે લઈ શકાય તો ઘણું સારું.

**નગર માટે હું કરી શકું**

આધ્યાત્મિક અને સમાજ ઉપયોગી કાર્યો માટે મારી સઘળા પ્રકારની સહાય આપવા માટે હું તૈયાર છું.

# અબ તો યે બેટી હી હમારા નસીબ હૈ

## પેરેબ્રલ પાલ્સીના કારણે સરખી રીતે બેસવા પણ અસમર્થ પેથાપુરની આઠ વર્ષીય ઝોયાએ રમઝાન માસના રોઝા રાખ્યા છે : ૨૨ રોઝા પુરા કરી ચુકેલી ઝોયા કહે છે 'મુઝે અપને પાંવ પે ચલના હૈ ઔર સ્કૂલ જાના હૈ'



સંબંધ સજાવે જિંદગી
સમીર રામી

ગાંધીનગર, તા.૧૮

પવિત્ર રમઝાન માસ ચાલી રહ્યો છે અને મુસ્લિમ શ્રધ્ધાળુઓ 'રોઝા' રાખી ખુદાની બંદગી કરી રહ્યા છે. એક તરફ ઉનાળાની સીઝન તેની ચરમસીમાએ છે ત્યારે આકરા ઉપવાસ કરવા એ કાંઈ સરળ વાત નથી કારણ કે જયાં શરીરને વારંવાર પ્રવાહીની જરૂર પડે ત્યારે ૧૫-૧૫ કલાક સુધી પાણીનું એક ટીપુ તો શું થુંક સુધ્ધાં ગળાની નીચે નહી ઉતારવાનું એ અત્યંત કપરી તપસ્યાથી કમ નથી. ગાંધીનગરના પેથાપુર ખાતે રહેતી ૮ વર્ષીય ઝોયા એહમદ જે શરીરથી એટલી અશકત છે કે કોઈ સપોર્ટ વિના ઉભી તો ઠીક લાંબો સમય સુધી બેસી પણ રહી શકે તેમ નથી છતાં તેણે આ વર્ષે આખો રમઝાન માસ રોઝા રાખવાની નિયત બાંધી છે અને આજે લખાય છે ત્યાં સુધીમાં ૨૨ રોઝા તો થઈ ચુકયા છે પણ તેનો આત્મવિશ્વાસ સૌને દંગ કરી રહ્યો છે.

ગાંધીનગર પાસેના પેથાપુર ખાતે જીઈબી કોલોનીની પાછળના ભાગે સંજરી પાર્કમાં રહેતા ૪૨ વર્ષીય જમીલ એહમદ સોડા મશીનમાં ગેસ રીફીલીંગ કરવાનો વ્યવસાય કરે છે. મૂળ મધ્યપ્રદેશના ભોપાલના વતની પરંતુ પિતાની સીઆરપીએફની નોકરીમાં ગાંધીનગર બદલી થતા સમગ્ર પરિવાર અહીં સ્થાયી થયો હતો. જમીલ એહમદ અભ્યાસમાં માંડ માધ્યમિક શિક્ષણ પુરું કરી શકયા પરંતુ તેમને સોડા મશીનની કંપનીમાં નોકરી મળવાથી તે કામ બરાબર ફાવી ગયુ હતુ જેને તેમણે પછી નોકરી છોડી વ્યવસાય તરીકે અપનાવી લીધું છે. જમીન એહમદના લગ્ન પણ ભોપાલની જ યુવતિ સુફી એહમદ સાથે થયા. તેમની પત્નિ જયારે માંડ એકાદ વર્ષની ઉંમરના હતા ત્યારે જ ભોપાલમાં યુનિયન કાર્બાઈડ કંપનીની ગેસ દુર્ઘટના સર્જાઈ હતી. આ દુર્ઘટનામાં તે આબાદ બચી તો ગયા પરંતુ તેમના પરીવારને ઘણી અસર પહોંચી હતી. જમીન એહમદ અને સૂફી એહમદને પ્રથમ સંતાનમાં દિકરો અવતર્યો પરંતુ તે શારિરીક રીતે અત્યંત નબળો જન્મ્યો હોવાથી પથારીવશ રહ્યો અને લગભગ આઠેક વર્ષ સુધી તેની ઘણી ચાકરી કરવા છતાં તે બચી ના શકયો. દિકરા પછી દિકરી પણ જયારે ગર્ભમાં જ હતી ત્યારે તકલીફ જણાતા ૭ માસે ઓપરેશન કરી વહેલી ડિલીવરી કરાવવી પડી હતી તેના કારણે તે પણ શારિરીક રીતે નબળી રહેવા પામી હતી.

બંને બાળકોની તકલીફ માટે માતાને નડેલ ગેસ દુર્ઘટનાની અસર હોવાની તબીબોએ શકયતા વ્યકત કરી હતી. જો કે દિકરો ગુમાવ્યા પછી દિકરીને પણ ખુદાએ બક્ષેલું નસીબ માની એહમદ દંપતિએ તેનો શકય હોય તેટલી સારી રીતે ઉછેર કરવાનું સ્વીકારી લીધું હતું. નબળી જન્મેલી દિકરી જયારે એક માસની હતી ત્યારે જ ખેંચ આવવાને કારણ તેની આંખ પણ ત્રાંસી થઈ ગઈ હતી અને એક વર્ષની થઈ ત્યાં સુધી તેના પગ એટલા વળેલા રહેતા હતા કે પોતાના પગ પર ઉભી પણ નહોતી થઈ શકતી. સતત દિકરીની સારવાર માટે આમ તેમ દોડતા દંપતિએ તેની સંભાળ લેવામાં કોઈ કસર છોડી નહોતી. ગાંધીનગરના સેકટર-૭માં રહેતા અમદાવાદ સિવિલ હોસ્પિટલના નિવૃત્ત ચીફ સેક્રેટરી આઈ.ડી. વ્હોરાની ભલામણથી ઝોયાની અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર ચાલુ કરાઈ જયાં તેને 'પેરેબ્રલ પાલ્સી' નામનો લકવા હોવાનું નિદાન થયું હતું. ઝોયા પાંચ વર્ષની હતી ત્યારે તેના બંને પગ અને સાથળમાં મળીને કુલ પાંચ ઓપરેશન કરવા પડયા હતા અને તે પછી તેને સતત ફિઝિયોથેરેપીની સારવાર આપવી જરૂરી હતી. મર્યાદિત આવક ધરાવતા જમીલ એહમદને દિકરીની સારવાર માટે તમામ આર્થિક મદદ મોટાભાઈ શકીલ એહમદ પાસેથી મળી રહેતી પરંતુ દિકરીને સતત કસરત કરાવવી અને પ્રોત્સાહન પુરું પાડવાનું કામ પતિ પત્નિએ સુપેરે ઉપાડી લીધું હતું. નજીકના સગા સંબધીઓ-મિત્રો સતત કોઈ સ્વસ્થ બાળકને દત્તક લઈ લેવા સલાહ આપતા પરંતુ જમીલભાઈ કહેતા 'યે બેટી હી હમારા નસીબ હૈ.'

આટલી શારિરીક કમજોરી હોવા છતાં ઝોયાએ કયારેય પથારી કે કપડાં ભીના કર્યા નથી તેવું ગર્વ પૂર્વક કહેતા જમીલભાઈ તેને જરૂરી સાધનો જેવા કે કેલીબર શુઝ, એકસરસાઈઝની સાયકલ કે સપોર્ટીંગ બોર્ડ બધું જાતે જ બનાવે છે. આજે તેમની મહેનત અને માવજત સાથે ઝોયાના આત્મ વિશ્વાસને કારણે ઝોયા બેસતી થઈ ગઈ છે અને સપોર્ટથી લાંબો સમય ઉભી પણ રહેતી થઈ ગઈ છે. એક દિવસ દિકરી સંપૂર્ણ સાજી થઈજશે તેવી શ્રધ્ધા ધરાવતા જમીલભાઈનું પરિવાર પહેલેથી ધાર્મિક ભાવનાવાળું હતું જેના કારણે ઝોયા પણ ધાર્મિક ભકિતભાવ ધરાવે છે અને સાત વર્ષની વયે તેણે પ્રથમવાર બે રોઝા રાખ્યાં હતાં.

ટીવીમાં સિરિયલ અને ફિલ્મી ગીતો જોવાની શોખીન ઝોયા કયારેય સ્કૂલે જઈ શકી નથી. પરંતુ માતા-પિતા ઘરે જ અભ્યાસ કરાવે છે. તેની યાદશકિત એટલી પાવરફુલ છે કે તેના તમામ ડૉકટર્સના નામ તેને યાદ હોય છે એટલું જ નહી પરંતુ પિતાની વાતો પરથી મહેમાનોના નામ પણ યાદ રાખી લે છે તે સ્માર્ટ ફોન પણ ચલાવી જાણે છે પરંતુ પોતાની મમ્મીને નજર સામેથી દૂર થવા દેતી નથી. હિન્દુ ક્ષત્રિયના મકાનમાં ભાડે રહેતા જમીલભાઈએ મકાનમાલિકે લગાડેલી ભગવાનની તસવીરો પણ ઘરમાંથી હટાવી નથી તેટલી શ્રધ્ધામાં સ્પષ્ટતા ધરાવતા પિતાની દિકરી ઝોયા રમઝાનમાં સવારે ૪ વાગે શહેરી કરવા સાથે જ ઉઠી જાય છે. એકવાર તો મોડું થઈ જતા તેણે માત્ર ૨ ખજૂર રાખીને રોઝો રાખ્યો હતો. બધી નમાઝ પણ પોતાની શકિત મુજબ અને આવડત મુજબ પઢી લેતી ઝોયાને પિતા રોઝા ના રાખવા સમજાવે તો કહે છે 'પાપા આપ ઐસા કહોગે તો ગુનાહ મેં પડોગે.' ઈફતારીમાં ભજીયા અને ચીકનદાના ખાવાનું પસંદ કરતી ઝોયાને પુછો કે કેમ રોઝા રાખ્યાં છે તો કહે છે 'મુઝે અપને પાંવ પે ચલના હૈ, ઔર સ્કૂલ જાના હૈ.' હવે તો માતા પિતાને પણ વિશ્વાસ આવી ગયો છે કે ઝોયા આખો રમઝાન રોઝા કરી પુરો કરશે. ખરેખર સલામ છે ઝોયાની હિંમત અને તેના મા-બાપના વાત્સલ્યને.



- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

# રખિયાલ પોલિસ સ્ટેશનની સામે જ જુગારનો અડ્ડો ચલાવતો શખ્સ પકડાયો

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર એલસીબીની ટીમે ત્રણ માસ પહેલા ૨૨ માર્ચે રખિયાલ પોલિસ સ્ટેશનની સામે જ ચાલતા જુગારના અડ્ડા ઉપર દરોડો પાડયો હતો. પ્રજાપતિ વાસમાં ગાંડા રાયમલ રબારીના મકાનમાં રેડ કરીને રોકડ રૂ. ૧.૪૩ લાખ રોકડ તથા ૧૩ મોબાઈલ સાથે ૧૭ જુગારીઓને પકડી પાડયા હતા. જુગારનો અડ્ડો ચલાવતો મુખ્ય સુત્રધાર મનુસિંહ ઉર્ફે મનુભાઈ કિશનસિંહ રાઠોડ ઉર્ફે મનુભાઈ ઠાકોર ત્રણ મહિનાથી વોન્ટેડ હતો એસ.પી.વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીતે બાતમીદારો સક્રિય કરીને આ મુખ્ય સુત્રધારની ધરપકડ કરી લીધી છે. આ શખ્સની સઘન પુછપરછ શરુ કરવામાં આવી છે.



## ચિરવિદાય

- સ્વ. રમણભાઈ કરશનભાઈ પટેલ, ઉ.વ. ૭૧
- સ્વ. ગોવિંદભાઈ જીવાભાઈ વાઘેલા, ઉ.વ. ૫૦